વિવિધ અરજદારો તરફથી મળેલ અરજીઓના સુચનો પરત્વે સ્વનિર્ભર(ખાનગી) શાળાઓની ફી નિર્ધારણ માંથી મુક્તિ સંબધિત વિવિધ શ્રેણીઓ (કેટેગરી) માટે ફી ની કટ ઓફ લીમીટ(લઘુત્તમ મર્યાદા)નક્કી કરવા સમિતિની રચના બાબત

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક: ED/RFO/e-file/3/2023/1859/FRC Cell

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:**

(૧) ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ અને તે હેઠળ ઘડવામાં આવેલ નિયમો.

(૨) શિક્ષણ વિભાગના તા.૦૩/૦૨/૨૦૧૮ ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૧૮/૧૫૭/છ

(૩) શિક્ષણ વિભાગનું જાહેરનામું તા.૨૮/૦૨/૨૦૧૮ ક્રમાંક: GH/SH/06/BMS/1118/83/CHH

**પ્રસ્તાવના:**

રાજ્યમાં શિક્ષણ વિભાગના તા. ૨૦/૦૪/૨૦૧૭ ના જાહેરનામાંથી ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ અમલમાં આવેલ છે. તથા તે હેઠળ બનાવેલ નિયમ તા. ૨૫/૦૪/૨૦૧૭ ની અસરથી અમલમાં આવેલ છે. રાજ્ય સરકારે કાયદા અને નિયમોની જોગવાઇઓ હેઠળ સ્વ-નિર્ભર (ખાનગી) શાળાઓની ફીના માળખાના નિર્ધારણ માટે સમગ્ર રાજ્યના ૩૩ જિલ્લાઓને મુખ્ય ૪(ચાર) ઝોનલ (જિલ્લા સમુહ)માં **"ફી નિયમન સમિતિ"**ઓની રચના કરેલ છે તેમજ આ ઝોનલ સમિતિ ઉપર રાજ્ય કક્ષાએ એક **"ફી સુધારણા સમિતિ"**ની રચના કરેલ છે. આ સમિતિઓ હાલમાં તેઓને ફાળવેલી કામગીરીઓ કરી રહી છે. ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ની કલમ-૯ (૧) મુજબ રાજ્ય સરકાર જાહેરનામાથી ઠરાવેલ ફી કરતા ઓછી ફીની રકમ વસૂલ કરતી હોય તેવી સ્વનિર્ભર (ખાનગી) શાળાઓને ફી નિર્ધારણ સમિતિ પાસે ફી નિર્ધારણ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે, વંચાણે લીધા જાહેરનામા (૩)થી રાજ્ય સરકારે આવી ખાનગી શાળાઓનું ફીનું માળખુ નિર્ધારીત કરેલ છે.

વંચાણે લીધેલ(૩) સંબધે વિવિધ ખાનગી શાળા સંચાલકોના પ્રતિનીધીઓ દ્વારા, મોંઘવારી/ ફુગાવાના દરને ધ્યાને લઈ અને શાળાઓ દ્વારા આપવામાં આવતી સવલતો/સુવિધાઓના ખર્ચમાં વધારાને અનુલક્ષીને શિક્ષણ વિભાગના જાહેરનામું તા.૨૮/૦૨/૨૦૧૮ ક્રમાંક: GH/SH/06 /BMS/ 1118/83/CHHમાં ફેરફાર કરવાની રજૂઆતો કરેલ છે, તેમજ રાજ્યના નાગરીકો, વાલી મંડળો તેમજ ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ સાથે સંકળાયેલ વિવિધ પક્ષકારો દ્વારા જાહેર હિતલક્ષી વિવિધ સુચનો કરેલ છે.

**ઠરાવ:-**

અરજદારો અને પક્ષકારોની વિવિધ રજૂઆતોને ધ્યાને લઈ ખાનગી શાળાઓમાં શૈક્ષણિક તેમજ અન્ય સવલતોના ખર્ચ વધારાના સંદર્ભમાં ગુજરાત સ્વનિર્ભર શાળાઓ (ફી નિયમન) અધિનિયમ, ૨૦૧૭ની કલમ-૯(૧) હેઠળ ફીના લઘુતમ દર (કટ-ઓફ લીમીટ) નક્કી કરવા, તેમજ વિભાગ ખાતે મળેલ અન્ય જાહેર હિતલક્ષી વિવિધ સુચનો/નીતિ વિષયક બાબતોની ચર્ચા કરી શકાય તે માટે રાજ્ય સરકારે અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધ્યક્ષ પદે નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિની રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

**(૧) સમિતિમાં નીચે જણાવેલ સભ્યો રહેશે-**

(૧) અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર. -સમિતિના અધ્યક્ષશ્રી

(૨) નિયામકશ્રી, કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર. - સભ્યશ્રી

(૩) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર. - સભ્યશ્રી

(૪) સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨ ઘટક) (કમિશનર શાળાઓની કચેરી), ગુજરાત રાજ્ય, ગાંધીનગર - સભ્યશ્રી

(૫) સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર - સભ્ય-સચિવશ્રી

(૬) ચીફ કો-ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ (શહેર) -સભ્યશ્રી

(૭) ચીફ કો-ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત (શહેર) -સભ્યશ્રી

(૮) ચીફ કો-ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, વડોદરા (શહેર) -સભ્યશ્રી

(૯) ચીફ કો-ઓર્ડીનેટર અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ. -સભ્યશ્રી

**(૨) સમિતિની કાર્ય સંબંધી શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે-**

(૧) સમિતિનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે.

(૨) સમિતિ દ્વારા સ્વનિર્ભર શાળાઓના સંચાલકો અને સંબંધિત પક્ષકારોના (વાલીઓ, નાગરીકો) પાસેથી લેખિત સૂચનો/આવેદન પત્ર મેળવીને, તેમજ જરૂર જણાયે રૂબરૂ સુનાવણી કરીને સમિતિને કરવામાં આવેલ રજૂઆતના આધારે, સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા આપવામાં આવતી સવલતોના આધારે, હાલની મોંઘવારી/ ફુગાવાના દરના આધારે શાળાઓની વિવિધ કેટેગરી તથા ફીની કટ-ઓફ રકમ નક્કી કરવા અંગેનો તુલનાત્મક અભ્યાસ કરેલ રીપોર્ટ તૈયાર કરીને રાજ્ય સરકારને મુદ્દાસરની ભલામણ રજૂ કરવાની રહેશે. આવી ભલામણ મૂળ અધિનિયમની કલમ-૯ની જોગવાઇઓને સુસંગત રહી અને તેની મર્યાદામાં કરવાની રહેશે.

(૩) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ,૨૦૧૭ તથા તે હેઠળ મળેલ જાહેર હિતલક્ષી દરેક વિવિધ સુચનો/રજૂઆતો પર સાથે

અભિપ્રાય રજૂ કરવાનો રહેશે.

(૪) ગુજરાત સ્વનિર્ભર શાળા (ફી નિયમન) અધિનિયમ,૨૦૧૭ હેઠળ મળેલ પ્રત્યેક નીતિ વિષયક દરેક મુદ્દા પરની રજૂઆતો પરત્વે અભિપ્રાય રજૂ કરવાનો રહેશે.

(૫) સમિતિ પોતાની કામગીરીમાં મદદરૂપ થવા જે તે ક્ષેત્રના વિષય નિષ્ણાંત વ્યવસાહિક સેવા લઇ શકશે.

(૬) સમિતિએ તેનો અહેવાલ ૪૫ દિવસ સુધીમાં સરકારશ્રીને રજૂ કરવાનો રહેશે.

આ હુકમ સરકારશ્રીની સમાનાંકી ફાઇલ પર મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંજય જી ગરાસિયા)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માનનીય મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, બ્લોક નં. ૧/૫ સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, બ્લોક નં-૫/૮મો માળ, શિક્ષણ વિભાગ, સરદાર ભવન, સચિવાલય ગાંધીનગર
- સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના રહસ્ય સચિવ, બ્લોક નં-૫/૭મો માળ, શિક્ષણ વિભાગ, સરદાર ભવન, સચિવાલય ગાંધીનગર
- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર
- નિયામકશ્રી,કમિશનરશ્રી શાળાઓની કચેરી,બ્લોક નં-૯/૨,ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં-૧૨, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર (સદરહુ બાબત વિજ્ઞપ્તિ સ્વરૂપે પ્રસિધ્ધ કરવા વિનંતી સહ)
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી,અમદાવાદ શહેર- જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી-અમદાવાદ શહેર,બહુમાળી ભવન, વસ્ત્રાપુર, અમદાવાદ
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી-વડોદરા શહેર, જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, અનાવીલ ભવનની સામે, આર્ય કન્યા વિદ્યાલય રોડ, કારેલી બાગ, વડોદરા-૩૯૦૦૧૮
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી-સુરત શહેર, એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઇન્સ સુરત-૩૯૫૦૦૧
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી-રાજકોટ, જીલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, કરણસિંહજી હાઇસ્કૂલ,સીટી ગેસ્ટ હાઉસની સામે, ભુપેંદ્ર રોડ, રાજકોટ-૩૬૦૦૦૧
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ
- શાખા સિલેક્ટ ફાઇલ